ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત
મનરેગા હેઠળ ૯૦ દિવસની બિનકુશળ
રોજગારી તેમજ શૌચાલય સહાય
ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબડ /૧૨૨૦૧૭/૯૬૨/હ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨-૧૨-૨૦૧૮

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક.અબડ-૧૦૯૯-૭૬૯-હ, તા.૨૨.૦૨.૨૦૦૦.
(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક.અબડ-૧૦૨૦૦૦-૪૬૪-હ, તા.૨૯.૦૮.૨૦૦૧.
(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ, તા.૦૮.૦૬.૨૦૦૫.
(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: હસલ/૧૨૨૦૧૩/૮૭૩૦૭૫/હ, તા.૧૪.૦૮.૨૦૧૪.
(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અબડ/૧૨૨૦૧૭/૯૬૨/હ, તા.૨૦.૦૪.૨૦૧૮.
(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અબડ/૧૨૨૦૧૮/૧૨૪૧/હ, તા૦૫.૦૬.૨૦૧૮.
(૭) મનરેગા યોજના અધિનિયમ ૨૦૦૫

<u>આમુખ</u> :

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવો અન્વયે અનુસૂચિત જાતિ (Scheduled Caste) માટે વ્યક્તિગત ધોરણે મકાન સહાય આપવા માટેની ડૉ.આંબેડકર આવાસ યોજના શરૂ કરવામાં આવેલ. સંદર્ભ (૩) પરના વિભાગના તા.૦૮.૦૬.૨૦૦૫ના ઠરાવથી ડૉ.આંબેડકર આવાસ યોજના માટે પાત્રતા, અમલીકરણ તથા મકાન સહાયની કિંમતની ટોચમર્યાદા નિયત કરવામાં આવેલ. સંદર્ભ.(૪) પરના ઠરાવથી મકાન સહાય ચૂકવવામાં આવે છે. સંદર્ભ.(૫) પરના વિભાગના તા.૨૦.૦૪.૨૦૧૮ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલીકૃત ડૉ.આંબેડકર આવાસ

યોજના અંતર્ગત સહાયનું ધોરણ શહેરી વિસ્તારમાં રૂ. ૪૫,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭૦,૦૦૦/- થી વધારીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર) નિયત કરવામાં આવેલ. છે. ક્રમાંક. (૬) આ વિભાગના તા.૦૫/૦૬/૨૦૧૮ના ઠરાવથી આ યોજના હેઠળ મકાનની ખર્ચની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અમલિત ડો. આંબેડકર આવાસ યોજનામાં રૂ.૧,૨૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી તથા શૌચાલય બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦/- સહાય આપવામાં આવે છે. આમ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીને અંદાજિત કુલ રૂ.૧,૨૦,૦૦૦ + રૂ.૧૬,૯૨૦ + રૂ.૧૨,૦૦૦ = રૂ.૧,૪૮,૯૨૦/- સહાય મળવાપાત્ર થાય છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સમાન પ્રકારની યોજનાઓ વચ્ચે વિસંગતતા દૂર કરવા અંગે પ્રજા અને પ્રજાના પ્રતિનિધિઓ તરફથી સરકારમાં વખતો વખત રજૂઆતો કરવામાં આવેલી હતી. આથી આ વિસંગતતા દૂર કરવા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડો. આંબેડકર આવાસ યોજનામાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી તેમજ શૌચાલય પેટે રૂ.૧૨,૦૦૦/- સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત ડો. આંબેડકર આવાસ યોજના માટે મનરેગા યોજનાના અધિનિયમ, ૨૦૦૫ મુજબ આવાસની નિર્ધારિત યુનિટ કોસ્ટ એટલે કે રૂ.૧,૨૦,૦૦૦/- ઉપરાંત ૯૦ દિવસની બિનકુશળ રોજગારી પણ આપવાનું ઠરાવવામાં આવે છે. આ લાભ મનરેગા યોજનાના અધિનિયમ-૨૦૦૫ શીડ્યુલ-૧ ના પેરા નં.૫ માં વ્યક્તિગત કામોની પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓને જ આપી શકાશે. સ્વચ્છ ભારત મિશનના કાર્યક્રમને વેગ આપવા માટે ડો. આંબેડકર આવાસ યોજનામાં સ્વચ્છ ભારત મિશનની નિયત ડીઝાઇન મુજબ રૂ.૧,૨૦,૦૦૦/- લેખે વ્યક્તિગત શૌચાલય બાંધકામ મનરેગા યોજના હેઠળ કરવાનું ઠરાવવામાં આવે છે. સદરહુ બાબતે શૌચાલય માટે મનરેગા યોજના હેઠળ ફંડ વાપરવામાં આવતું હોય ત્યાં સ્વચ્છ ભારત મિશનનું ફંડ વાપરી શકાશે નહીં. આ યોજના હેઠળના લાભાર્થીઓનો બેઝલાઇન સર્વેમાં સમાવેશ ન થયેલ હોય તેમજ સ્વચ્છ ભારત મિશન કે અન્ય યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોય તે બાબતની ચોકસાઇ કરી લેવાની રહેશે.

આ પ્રકારના કામો મંજુર કરતા સમયે જિલ્લા કક્ષાએ જાળવવાના થતા મનરેગા યોજનાના મજુરી-માલસામાનનો રેશિયો (૬૦:૪૦) તેમજ NRM અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોનો રેશિયો (૬૫:૩૫) જિલ્લા કક્ષાએ જાળવવાનો રહેશે. ડૉ. આંબેડકર આવાસ યોજનાની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે. સદરહુ ઠરાવનો અમલ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.ક.)એ સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના સહયોગથી કરવાનો રહેશે.

ડૉ. આંબેડકર આવાસ યોજનાની કુલ-૩૩ જિલ્લાનો ચાલુ વર્ષનો લક્ષ્યાંક ૨૭૮૦ તે પૈકી ફક્ત ગ્રામ્ય વિસ્તારના ચાલુ વર્ષનો **૨૨૯૭** લાભાર્થીઓને જ ૯૦ દિવસની બિનકુશળ રોજગારી અને વ્યકિતગત શૌચાલયનો લાભ આપી શકાશે અને Natural Resource Management Framework (NRM) Under MNREGA પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર કમિશ્નર-વ-સચિવશ્રી (ગ્રામ વિકાસ)ની તા.૦૪/૦૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૨ જો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૫) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર